# 'દ્રૌપદીની કથા અને વ્યથા'ની દ્રૌપદી: નૈતિક અને મનોવૈજ્ઞાનિક સંદર્ભે

ડૉ. હિના મિસ્ત્રી

## ૧. પ્રાસ્તાવિક

આપણી ભારતીય સંસ્કૃતિમાં, સાંસ્કૃતિક વારસામાં આપણને મળેલાં કેટલાંક પાત્રો એવાં છે જેને ક્યારેય સમયની ધૂળ ઝાંખાં બનાવી શકતી નથી. સમયની સાથે સાથે આ પાત્રો વધુ ને વધુ જીવંત બનતાં જાય છે. આવાં પાત્રો બે યુગના સંધિકાળમાં આપણને મળે છે. જ્યારે બે યુગ, બે સંસ્કૃતિ એકબીજાથી અલગ થતી હોય ત્યારે અથવા ક્રાંતિ કે મહાયુદ્ધના સમયે આવા વિશિષ્ટ પાત્રો મળે છે. એ આપણને માનવીય મૂલ્યોનું ફરી વિશ્લેષણ કરવા પ્રેરે છે. આ પાત્રો પૈકીનું એક પાત્ર એટલે દ્રૌપદી. સૈકાઓ વીત્યાં બાદ પણ આ પાત્રની ગરિમા કે અસ્મિતામાં ક્યાંય ઝાંખપ આવી નથી. દ્રૌપદી ભારતીય સંસ્કૃતિના મહાન નારીપાત્રો પૈકી એક વિલક્ષણ નારીપાત્ર છે.

## ૨. લેખિકા પરિચય

૨૬/૧૨/૧૯૫૭ ના રોજ મુંબઈમાં જન્મેલા ડૉ. સુસ્મિતા દવે ગુજરાત અને મુંબઈ એમ બંને ભૂમિ સાથે સંબંધ ધરાવે છે. તેઓ વ્યવસાયે તબીબ છે. તબીબ તરીકેની એમની વિશેષતા એ છે કે તેઓ સ્ત્રી રોગ-નિષ્ણાત છે. ૧૯૯૮માં 'સ્ત્રી અવયવો -રોગ પરીક્ષણ'(**Gynec histopathology**) વિષય સાથે તેઓ પીએચ.ડી થયાં છે. આ વિષય સાથે પીએચ.ડી. થનાર તેઓ પ્રથમ અને એકમાત્ર તબીબ છે. તબીબ હોવા છતાં સાહિત્યિક વાંચન-લેખનમાં રસ-રુચિ ધરાવતાં ડૉ.સુસ્મિતા દવેએ દ્રૌપદીના પાત્રને કેન્દ્રમાં રાખીને **'દ્રૌપદીની કથા અને વ્યથા'** નામની એક સુંદર નવલકથા ગુજરાતી સાહિત્યને આપી છે. ડૉ. સુસ્મિતા દવેનું આ એકમાત્ર પુસ્તક પ્રકાશિત થયું છે.

## ૩. નવલકથા પરિચય

ડૉ.સુસ્મિતા દવે વ્યવસાયે તબીબ છે. પરંતુ એક નવલકથા સર્જક તરીકે માનવમનના, નારીચિત્તના અને દ્રૌપદીના ભાવતંતુઓ કેવો ભાવ ધરાવે છે તેનું એમણે આલેખન કર્યું છે. દ્રૌપદીનો કલ્પનાપુરુષ અર્જુન હતો, પણ પાંચેય ભાઈઓની એ સહિયારી પત્ની બની. અર્જુનને વિશેષ ચાહ્યો એ યુધિષ્ઠિરની દૃષ્ટિએ પાપ ગણાયું. એના ફળસ્વરૂપે એ મૃત્યુને ભેટી. હિમાલયને ખોળે પડી પડી દ્રૌપદી પોતાના વીતેલા જીવનનું, વિશેષ કરીને, વ્યથાભર્યાં જીવનનું અવલોકન કરે છે અને એની વ્યથા આલેખાતી આવે છે. દ્રૌપદીના પાત્રને ન્યાય આપવાનો ઈરાદો લેખિકાએ સેવ્યો છે. દ્રૌપદીએ પ્રશ્નો કર્યા, મુસીબતો વેઠી, અપમાન સહન કર્યાં, વિદ્રોહ કર્યો અને પાર વિનાની વ્યથાનો અનુભવ કર્યો એનું આલેખન ડૉ.સુસ્મિતા દવે કરે છે. દ્રૌપદીના ચરિત્રની લાક્ષણિકતાઓ, એના જીવનની પ્રમુખ ઘટનાઓ અને એ સંદર્ભે એના વિચારો-મનોમંથનોને અનુલક્ષીને નવલકથાનાં પ્રકરણોની રચના અને ગોઠવણી કરવામાં આવી છે, જે આ કૃતિની એક વિશેષતા છે. દ્રૌપદીની કથા કરતાંયે વધુ એની વ્યથાને ચિત્રિત કરવાનો સંનિષ્ઠ પ્રયાસ લેખિકાએ કર્યો છે. એનો આ પ્રકરણમાં ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. દ્રૌપદીના આભિજાત્ય અને તેજસ્વિતા સાથે જ એના જીવનમાં પંચ પતિત્વનું એક વિલક્ષણ તત્વ જોડાયેલું છે. જીવનમાં એકથી વધુ સ્ત્રી પોતીકી હોવી એમાં કદાચ પુરુષ ગૌરવ લેતો હશે. પણ સ્ત્રી અત્યંત ઉદારતાપૂર્વક ધારે તોય પોતાના જીવનમાં બીજા પુરુષનું હોવું સહજતાથી સ્વીકારી શકતી નથી. એ એક કલ્પનાપુરુષને ઝંખે છે. અને જ્યારે એક કરતા વધારે પુરુષમાંથી એનું અસ્તિત્વ પસાર થાય છે ત્યારે પોતાની વિફળ શોધ માટે એની સંવેદના ચિત્કાર જ કરતી હોય છે.

શ્રીકૃષ્ણના દેહવિલય બાદ હિમાલયમાં મહાપ્રસ્થાન માટે નીકળેલા પાંડવો અને દ્રૌપદી હસ્તિનાપુરનું સિંહાસન પરીક્ષિતને સોંપીને સામુદ્રિક પૂર્ણતાના દર્શન કરવા સમુદ્ર કિનારે પહોંચે છે. ત્યાંથી નવલકથા આરંભાય છે. સમુદ્રના દર્શન કરી, ગાંડીવ અગ્નિદેવતાને સુપરત કરી હિમાલયના કઠિન માર્ગ પર આગળ વધી રહેલા પાંડવો સાથે ચાલતી

દ્રૌપદી અચાનક લપસી પડે છે અને અંતિમ શ્વાસ લેતાં લેતાં આત્મમંથન કરે છે; જીવન, ધર્મ, સમાજ વિશે મનોમંથન કરે છે. પોતાના જન્મ અને જીવન વિશે વિચારતી, કૃષ્ણ-દર્શનની ઈચ્છા રાખતી દ્રૌપદીના કાને યુધિષ્ઠિરના અંતિમ શબ્દો સંભળાય છે – દ્રૌપદીના પતનનું કારણ એનો અર્જુન પ્રત્યેનો પક્ષપાતી પ્રેમ છે. આ આક્ષેપ દ્રૌપદીના હૃદયને અતિ ઊંડો આઘાત આપે છે. તે માને છે કે પ્રેમમાં ક્યારેય સરખામણી ન હોઇ શકે. યુધિષ્ઠિરનો આક્ષેપ સાંભળ્યા બાદ દ્રૌપદી ફરી એકવાર પોતાના સમગ્ર જીવન પર નજર ફેરવે છે; જીવનની ઘટનાઓ બાબતે મનોમંથન કરે છે.

યુવતી સ્વરૂપે જ ઉત્પન્ન થયેલી દ્રૌપદીને બાલ્યાવસ્થા માણી ન શક્યાનું દુ:ખ છે. પિતાના વેરની તૃપ્તિ માટે તેનો જન્મ થયો છે. પૃષત રાજાના પુત્ર દ્રુપદ અને ભારદ્વાજ ઋષિના પુત્ર દ્રૌણની બાલ્યાવસ્થાની નિર્દોષ મૈત્રી દરમ્યાન દ્રુપદ દ્વારા દ્રોણને પોતાના રાજ્યમાં અડધો ભાગ આપવાના બાળસહજ વચનને યુવાનીમાં પણ ગંભીરપણે યાદ કરીને દ્રોણ દ્રુપદ પાસે એ અડધો ભાગ માગવા આવે છે. અહંકારના મદમાં દ્રુપદ સમાન સાથે જ મૈત્રી હોય - એવું કહીને દ્રોણની મૈત્રીનો અસ્વીકાર કરવા ઉપરાંત એનું અપમાન કરે છે. અપમાનિત દ્રોણ બદલો લેવાના ઉદ્દેશથી હસ્તિનાપુરમાં રાજ્યાશ્રય લે છે; પાંડવો-કૌરવોને અસ્ત્ર-શસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપે છે અને ગુરુદક્ષિણામાં દ્રુપદને બંદીવાન બનાવી લાવવાનો આદેશ આપે છે. અર્જુન દ્વારા જિતાઇને બંદી બનાવાયેલ દ્રુપદ પાસે દ્રોણ અડધું રાજ્ય આંચકી લે છે. આ રીતે અપમાનિત થયેલ દ્રુપદ વેરતૃપ્તિ માટે દ્રોણનો વધ કરી શકે એવા પુત્રની કામના કરે છે. એ માટે તે ઉપયાજ અને યાજ ઋષિને પ્રસન્ન કરી એમના માર્ગદર્શન હેઠળ પુત્રકામેષ્ટિ યજ્ઞ કરે છે. યજ્ઞ-હવન પૂર્ણ થતાં હવ્ય ગ્રહણ કરવા માટે યાજમુનિ દ્રુપદની મહારાણીને બોલાવે છે, પરંતુ મોઢા પર તાંબુલ-કુમકુમ આદિ પદાર્થોનો લેપ લગાડેલ હોવાથી એ આવવામાં વાર લગાડે છે. તેથી યાજ એ હવ્યને અગ્નિમાં હોમે છે અને અગ્નિમાંથી કવચ-કુંડળ, રથાયુધ સહિત યુવાન ધૃષ્ટદ્યુમ્ન અને ત્યારબાદ અપ્રતિમ સુંદરી દ્રૌપદી ઉત્પન્ન થાય છે. દ્રોણના વધ માટે ધૃષ્ટદ્યુમ્ન અને ક્ષત્રિયોના વિનાશ માટે દ્રૌપદીની ઉત્પત્તિ થઇ છે. 'નિયતિની ગતિને કોઇ બદલી ન શકે'[૧] એમ માનીને દ્રોણાચાર્ય પોતાના વધ નિમિત્તે ઉત્પન્ન થયેલા ધૃષ્ટદ્યુમ્નને અસ્ત્રવિદ્યાની તાલીમ આપવાની જવાબદારી સ્વીકારે છે.

જન્મજાત અપ્રતિમ સૌંદર્ય ધરાવતી દ્રૌપદીના સૌંદર્યમાં એણે પ્રાપ્ત કરેલ શાસ્ત્રજ્ઞાનથી એક વિશેષ તેજ ઉમેરાય છે. પોતાની રૂપ-ગુણ-શાસ્ત્રજ્ઞાન સંપન્ન પુત્રી દ્રૌપદીના લગ્ન માટે દ્રુપદને અર્જુન જ યોગ્ય લાગે છે. પરંતુ લાક્ષાગૃહમાં માતા અને ભાઈઓ સહિત એના બળી મર્યાના સમાચારથી દ્રુપદરાજ ચિંતિત થઇ જાય છે. છતાં, કદાચ તેઓ બચી ગયા હોય એવી આશાથી, અર્જુનને શોધી કાઢવાના ઉદ્દેશથી તેઓ દ્રૌપદી-સ્વયંવરની જાહેરાત કરે છે અને એમાં લક્ષ્યવેધની આકરી કસોટીની શરત રાખે છે. દેશ-વિદેશથી અનેક રાજવીઓ, રાજકુમારો સ્વયંવરમાં ભાગ લેવા આવે છે. સોળમા દિવસે શુદ્ધિસ્નાન કરી, સુંદર વસ્ત્રાભૂષણ ધારણ કરી દ્રૌપદી સભામંડપમાં પ્રવેશે છે. તેના સૌંદર્યથી આકર્ષિત થયેલા રાજવીઓના ચહેરા પર નરી લંપટતા છલકાતી હતી. પિતાની ઉંમરના હોવા છતાં સ્વયંવરમાં ભાગ લેવા આવેલા વિલાસી, લંપટ, કામલોલુપ એવા રાજાઓને જોઇને દ્રૌપદી વિચારે છે: 'આવા બધા ક્ષત્રિયોને જોઇને એમ થાય છે કે જો મારો જન્મ આ બધાના વિનાશ માટે થયેલ હોય તો કંઇ ખોટું નથી'.[૨]

ભિક્ષામાં આવેલી વસ્તુ શું છે - એ જોયા વિના જ માતા કુંતી એ ભિક્ષાને પાંચેય ભાઈઓમાં વહેંચી લેવાની આજ્ઞા આપે છે, પરંતુ દ્રૌપદીને જોતાં જ એ મૂંઝાઇ જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે ધર્મરાજને પૂછે છે. માતાની આજ્ઞાનું પાલન, આર્યોની પ્રણાલી અને પાંડવોની એકતા – તમામ જળવાઇ રહે તે ઉદ્દેશથી યુધિષ્ઠિર ઉકેલરૂપે કહે છે કે કલ્યાણી દ્રૌપદી પાંચેય ભાઈઓની સમાન પત્ની બનશે. કુંભકારગૃહમાં કૃષ્ણ-બલરામના આગમન અને એમની પાંડવો સાથેની વાતચીતથી દ્રૌપદીને પાંડવોનો સાચો પરિચય મળે છે. અર્જુન દ્વારા પોતે જિતાયેલી હોવાનું જાણીને અતિપ્રસન્ન દ્રૌપદી 'પાંચ પતિ' બાબતે મૂંઝાય છે; મનોમન વિદ્રોહ પણ કરી ઊઠે છે. વેદવ્યાસની સમજાવટથી રાજા દ્રુપદ તો પાંચેય પાંડવો સાથે દ્રૌપદીના વિવાહ માટે તૈયાર થઇ જાય છે, પરંતુ દ્રૌપદીનું મન એ સમજાવટ કે પૂર્વજન્મની કથા સ્વીકારવા તૈયાર નથી. આ સંદર્ભે કૃષ્ણ સમક્ષ પોતાનું દુ:ખ વ્યક્ત વ્યક્ત કરતી દ્રૌપદીને કૃષ્ણના શબ્દો જ સાંત્વના અને સમજણ બક્ષે છે.

**૪. નૈતિક પાસું**

દ્રૌપદીના વ્યક્તિત્વના સંદર્ભે નૈતિક પાસું મહત્ત્વનું અને વિચારણીય છે. આ એવું પાસું છે જે આજેય ચર્ચાને પાત્ર છે. ભારતીય સંસ્કૃતિમાં આર્ય પરંપરામાં દ્રૌપદી એકમાત્ર એવી રાજવી સ્ત્રી છે જેના પાંચ પતિઓ છે. ભારતીય સંસ્કૃતિમાં એકપતિવ્રત અને એકપત્નીવ્રતનો આદર્શ પ્રવર્તે છે. મહભારતકાળમાં બહુપત્નીત્વની પ્રથા હતી, પરંતુ બહુપતિત્વની પ્રથા આર્યઇતિહાસમાં ક્યારેય જોવા મળી નથી. દ્રૌપદી એમાં અપવાદરૂપ પાત્ર છે. આશ્ચર્યની વાત એ છે કે જે આર્યપ્રણાલીમાં સ્ત્રી માટે એકપતિવ્રતનો ધર્મ આદર્શ છે ત્યાં પાંચ પતિઓની પત્ની દ્રૌપદીના લગ્ન ધર્મોચિત ગણાય છે. વળી, પાંચ પતિઓની પત્ની હોવા છતાં 'સતી' કહેવાતી દ્રૌપદીના નીતિવિષયક પાસાને લેખિકા બહુ સ્પષ્ટ રીતે રજૂ કરી શક્યાં નથી. પરંતુ આ નવલકથામાં આપણે જોઇ શકીએ છીએ કે દ્રૌપદી સમગ્ર જીવનકાળ દરમ્યાન પોતાના પાંચ પતિઓ સિવાય અન્ય કોઇ પુરુષ માટે જરા સરખુંયે આકર્ષણ અનુભવતી નથી. એ પોતાના પાંચેય પતિઓને વફાદાર છે. પતિઓની સેવામાં ક્યારેય કોઇ કસર છોડતી નથી. એક પતિની સેવા કરતી વખતે અન્ય પતિને ક્યાંક અન્યાય તો નથી કરતી ને તેનું સતત ધ્યાન રાખે છે. દરેક પતિ માટે તેને અનન્ય પ્રેમ છે. દ્યૂતસભામાં પોતાનું રક્ષણ ન કરી શકનાર અને પોતાનું અપમાન મૂંગે મોઢે જોનાર પતિઓ માટે તે એ અસહાય અવસ્થામાં પણ ખરાબ વિચાર નથી કરતી. જોકે આ બાબતે તે અત્યંત દુ:ખ તો અનુભવે જ છે, પરંતુ તે ક્યારેય પોતાના પતિઓની નિંદા નથી કરતી. હંમેશાં પતિઓના ગુણોને જ ધ્યાનમાં રાખે છે. દ્રૌપદી પોતાને દ્યૂતમાં હારનાર યુધિષ્ઠિરને જ સૌપ્રથમ દાસભાવમાંથી મુક્ત કરાવે છે. શ્રીકૃષ્ણ સાથેનો તેનો સંબંધ સખી તરીકેનો અને ગરિમાપૂર્ણ છે. પ્રસ્તુત નવકલથામાંયે ક્યાંય આ સંબંધને જરા સરખીયે ઝાંખપ કે કલંક સ્પર્શી શકતાં નથી. વનવાસ દરમ્યાન કૃષ્ણની પત્ની સત્યભામાને પતિધર્મ સમજાવતી દ્રૌપદીની વાતમાં એના પતિઓ માટેનું એનું સમર્પણ, એની નિષ્ઠા અને પ્રેમ સ્પષ્ટ થાય છે. એક પતિવ્રતા સ્ત્રીનો ધર્મ દ્રૌપદી સુપેરે પાળે છે. એનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય શુદ્ધ સુવર્ણ સમ છે. છતાં, ભરસભામાં દુ:શાસનના સ્પર્શથી દૂષિત થયેલી દ્રૌપદીની પવિત્રતા વિશે પોતાની શંકા પ્રગટ કરતાં ભીમ અર્જુનને કહે છે, 'દેવલ મુનિએ કહ્યું છે કે પુરુષમાં પ્રકાશી રહેલી ત્રણ જ્યોતિઓ છે –પુત્ર, કર્મ અને વિદ્યા. તેમાંથી જ પ્રજાઓની સૃષ્ટિ (ઉત્પત્તિ) થઇ છે. અપવિત્ર અને નિર્જન સ્થળમાં મૃત પુરુષના દેહને તેના સ્વજનો ત્યજી જાય છે. ત્યારે તે ત્રણ જ્યોતિ જ તે પુરુષને ઉપયોગી નીવડે છે. પત્ની દ્રૌપદી દુ:શાસનના સ્પર્શથી અપવિત્ર થઇ ગઇ છે. તેનાથી ઉત્પન્ન થયેલા પુત્ર કેવા પ્રકારના માનવા?'[૩] ભીમની આ માન્યતા દ્રૌપદીને કઠે છે. દ્રૌપદી દૃઢપણે માને છે – 'સ્પર્શથી કોઇ અપવિત્ર નથી થતું. દૈહિક સ્પર્શથી હું અપવિત્ર થઇ એ કરતાં દુ:શાસન, દુર્યોધનના વ્યવહારથી અને ગુરુજનો, સભાજનોના મૌનથી સંપૂર્ણ કુરુવંશ અપવિત્ર થઇ ગયો.'[૪]

પાંચ પતિઓની પત્ની હોવા છતાં પોતાના પતિઓને સંપૂર્ણપણે સમર્પિત, એમના સિવાય અન્ય પુરુષની સ્વપ્નમાંયે કામના ન કરનાર અને પતિઓ પ્રત્યે અનન્ય નિષ્ઠા ધરાવતી અને પતિધર્મ ક્યાંય ન ચૂકતી દ્રૌપદી નીતિવાન અને સતી છે.

**૫. મનોવૈજ્ઞાનિક પાસું**

પ્રસ્તુત નવલકથામાં ચિત્રિત દ્રૌપદી અતિ વિચારશીલ નારી છે. નારીચેતનાનું મૂર્તિમંત સ્વરૂપ છે. પોતાના જીવનની ઘટનાઓ, આસપાસના લોકો, તેમના વર્તન-વ્યવહાર અંગે તે સતત વિચાર કરતી રહે છે. નવલકથામાં અનેક જગ્યાએ તેના પ્રત્યાઘાતો વિચાર સ્વરૂપે આલેખાયાં છે. સ્ત્રી હોવાનો એને ગર્વ છે. દ્રૌપદી સ્ત્રી -સ્વાતંત્ર્યમાં માને છે. જીવનના અંતિમ સમયે હિમાલયની ગોદમાં પડી પડી દ્રૌપદી પોતાના જીવન, ધર્મ, પરંપરા, નીતિ બાબતે વિચાર કરે છે. ફરી એકવાર પોતાના જીવન પર નજર કરતી દ્રૌપદી જીવનના દરેક પ્રસંગને પોતાની બુદ્ધિ અને અનુભવને આધારે ફરીથી સમજવાનો અને મૂલવવાનો પ્રયત્ન કરે છે. પોતાની ભૂલો પણ એને સમજાય છે. અને એનો એ નિખાલસપણે સ્વીકાર પણ કરે છે. દરેક પ્રસંગને તટસ્થતાથી જોવા-મૂલવવાના એના પ્રયત્નમાં પ્રગટ થતા એના વિચારોમાં એના વ્યક્તિત્વનું મનોવૈજ્ઞાનિક પાસું સ્પષ્ટ થાય છે. પિતાની વેરતૃપ્તિ માટે યજ્ઞવેદીમાંથી ઉત્પન્ન થયેલ દ્રૌપદી અપમાનથી સળગતા પિતાના વિષાદથી દુ:ખી થાય છે. પરંતુ પછીથી દ્રૌપદી પોતાના પિતાના દોષને પણ સમજી શકે છે. દ્રૌપદી પૂર્ણપણે માને છે કે સ્ત્રી ઈશ્વરનો અંશ છે; જગતજનની છે. સ્ત્રી-સન્માનની તે સમર્થક છે. સ્વયંવર સભામાં એને બળપૂર્વક અગ્નિમાં નાખવા તૈયાર થયેલા રાજવીઓ અને ક્ષત્રિયોને જોઇને તે વિચારે છે, 'સ્ત્રી શું વૃક્ષ પર ઉગાડેલ ફળ છે? મારા પિતાએ મને આ ઉપસ્થિત રાજવીઓમાંથી કોઇને પસંદ કરવા પાળી-પોષીને મોટી કરી છે? ના બિલકુલ નહીં, એ હું પાંચાલી ન

જ સ્વીકારું. સ્ત્રી એ વૃક્ષ પર ઉગાડેલ ફળ નથી. સ્ત્રી ખુદ જ વૃક્ષ છે. એનામાંથી જગતનું નિર્માણ થયેલ છે. એ જ જગતજનની છે. સ્ત્રી જ ઈશ્વરનો અંશ છે..'[૬] દ્રૌપદીના જીવનની મહત્વની મહત્વની ઘટના તેના પાંચ પતિ સાથેના લગ્ન છે. તે સમયે પણ દ્રૌપદી વિચારે છે – 'એક સાથે પાંચ પતિઓ? આ તે કેવું? કોઈ મને પૂછતું જ નથી. જેનું જીવન છે એની ઈચ્છા અનિચ્છા જાણવી જરૂરી નથી? પાંચ પતિઓને સંભાળવાની મારી શક્તિ-સમજણ છે કે નહિ એ પણ કોઈ વિચારતું નથી...લગ્ન થયા એટલે પાંચાલી તરીકે કોઈ અસ્તિત્વ જ નથી? હું માત્ર પાંડવ-પત્ની જ છું? મને મારા વિશે વિચાર કરવાનો કોઈ અધિકાર ખરો કે નહિ? મારા ભવિષ્ય વિશે મહામુનિ વ્યાસ વિચારી શકે પણ હું નહિ? ..મારી ઈચ્છા, મારા વિચારોને ધ્યાનમાં જ નહિ લેવાના? મને મારો કોઈ પૂર્વજન્મ યાદ નથી...જો પૂર્વજન્મમાં મહાદેવ પાસે પાંચ વખત પતિ માટે વરદાન માંગ્યું હોય તો શું મહાદેવ એ સમજવા અસમર્થ હતા કે મારે માત્ર એક વર જોઈએ છે?'[૭] દ્રૌપદીના આ વિચારોમાં એની આધુનિકતા અને નારીચેતના અનુભવાય છે. દ્યૂતસભામાં દુ:શાસનના સ્પર્શથી દૂષિત થયેલી દ્રૌપદીની પવિત્રતા પર શંકા કરતા ભીમની માન્યતા દ્રૌપદીને કઠે છે. પણ એથીય વિશેષ તો એને પરપુરુષથી સ્પર્શ પામેલી સ્ત્રીની પવિત્રતા પર શંકા કરતી વર્ષોથી ચાલી આવતી માન્યતા કઠે છે. દ્રૌપદી માને છે- 'જે કુળમાં સ્ત્રીની મહત્તા, એણે આપેલા ભોગ, એની કુટુંબભાવના, એના કાર્યની ગણતરી નથી થતી એ કુળ કે કુટુંબ નથી ટકતું. દુ:શાસનનો એ સમયનો વ્યવહાર મૃત્યુથી પણ વધારે ખરાબ હતો. હું પણ અગ્નિસ્નાન કરી શકત, પરંતુ મારો ધર્મ મને રોકતો હતો. એ ધર્મ મને સમજાવતો હતો કે હવે જો ભારતવર્ષમાં સ્ત્રી વિશે પ્રચલિત માન્યતામાં ભરેલાં દૂષણો જો દૂર નહીં કરવામાં આવે તો આ સમગ્ર દેશની સંસ્કૃતિ નાશ પામશે. જો હું નહિ પૂછું, "શા માટે?" તો કોણ પૂછશે?'[૮] જગત એના માટે શું વિચારે છે એથી વધુ મહત્ત્વ એ પોતે શું વિચારે છે, એનું છે. તે સ્પષ્ટપણે માને છે, 'કોઈના દુર્વ્યવહારનું ફળ આત્મબલિદાન ન હોઈ શકે. એ તો મેદાન છોડીને ભાગી જતા ક્ષત્રિયની મનોદશા છે. હું ભાગવા નથી માગતી. હું જીવનના બનાવો, હકીકતો અને સત્યને સ્વીકારીને જીવવા માગું છું. આવો બનાવ આવનાર યુગમાં ન બને એ માટે પ્રયત્નશીલ થવા માગું છું. આ વાત ચોક્કસ છે કે આવનાર પેઢી મને કુળના નાશ માટે દોષી માનશે, પરંતુ સંસ્કૃતિના નાશ કરતા કુળનો નાશ વધુ યોગ્ય છે. મને ધર્મ તથા સંસ્કૃતિનો વિનાશ અટકાવનાર સતી કોઈ નહિ માને, પરંતુ એથી મને કોઈ દુ:ખ નથી. હું મારા ધર્મના મત પ્રમાણે, વિવેકબુદ્ધિથી મૂલવતાં, જે વાત યોગ્ય લાગશે એ જ કરીશ. એમાં મને કોઈ અટકાવી ન શકે.'[૮] યુદ્ધ સમયે વિપક્ષ યોદ્ધાઓમાં સ્વજનને જોઈ વિષાદગ્રસ્ત થઈ જનાર અર્જુન પર દ્રૌપદીને રોષ ચડે છે. જે અર્જુન માટે પોતે પાંચ પતિઓની પત્ની બનવાનું સ્વીકાર્યું, એ જ અર્જુન દ્રૌપદીના માન-અપમાન, લાગણી, વેદના-પરિતાપ અને પ્રેમને ભૂલીને પિતામહને જોઈ વિષાદગ્રસ્ત થઈ હથિયાર હેઠાં મૂકી દે છે એ દ્રૌપદીથી સહન નથી થતું. તે વિચારે છે, 'કુરુસભામાં મને અપમાનિત કરનાર દુર્યોધન, દુ:શાસન, કર્ણને નીચે મોઢે ચૂપચાપ જોઈ રહેનાર આ વૃદ્ધજનો સામે હથિયાર ઉપાડવામાં હિચકિચાટ શાનો? જે સ્ત્રીએ આખી જિંદગી તમારી ઈચ્છા પૂરી કરવામાં જ સમર્પિત કરી દીધી છે એની લાગણી, એના માન-અપમાન,વેદના,પરિતાપ એની કોઈ જ કિંમત નહીં? એના પ્રેમની પણ કોઈ ગણના નહીં? દોષ તો માત્ર દ્રૌપદીના જોવાના અને અન્યના કદી નહીં? અને મારે પિતામહના દોષ નહીં જોવાના? મારે માત્ર એમની આજ્ઞા શિરોમાન્ય રાખવી? તો પછી હું શું છું આ પાંડુ પુત્ર અર્જુનની? એક પત્ની કે જેનું કોઈ માન ન હોઈ શકે? હું શું છું?'[૯] સ્ત્રી જગતનિયંતાનું સુંદરતમ સર્જન છે એમ માનતી દ્રૌપદીને પિતામહ ભીષ્મે સ્ત્રી માટે વાપરેલ 'કૃત્યા' શબ્દ કઠે છે. અભિમન્યુના વધથી વ્યથિત દ્રૌપદીને સુભદ્રા પ્રત્યે સહાનુભૂતિ છે. તે વિચારે છે કે આને બદલે મારા પુત્રને મારવો હતો. મારા તો પાંચ પુત્રો છે જ્યારે સુભદ્રાને તો માત્ર એક અભિમન્યુ જ હતો. યુદ્ધ બાદ કર્ણ-જન્મ-રહસ્યની જાણ થતાં યુધિષ્ઠિર સમગ્ર સ્ત્રી જાતિને શાપ આપે છે ત્યારે દ્રૌપદીનું હૃદય એનો વિરોધ કરી ઊઠે છે. તે વિચારે છે, 'એક સ્ત્રીએ એમને કરેલ અન્યાય બદલ જગતની સર્વ સ્ત્રીને શાપ! **દુર્યોધન કે દુ:શાસનના કુવ્યવહારથી મેં કદી આખા જગતના પુરુષને શાપ નથી આપ્યો!**'[૧૦] દ્રૌપદીના આ પ્રતિભાવ દ્વારા ડૉ. સુસ્મિતાએ જે બાબત તરફ ધ્યાન ખેંચ્યું છે, એ વિશે હજી સુધી અન્ય કોઈએ લખ્યું નથી.

**૬. ઉપસંહાર**

'મહાભારત'રૂપી રત્નાકરમાંથી દ્રૌપદી જેવું રત્ન લઈને શ્રીમતી સુસ્મિતા દવે એ 'દ્રૌપદીની કથા અને વ્યથા' નામની સુંદર નવલકથા આપી છે. લેખક તરીકે, આ પુસ્તક તેમનું સર્વપ્રથમ સર્જન હોવા છતાં આપણને સ્પર્શ્યા વિના રહેતું નથી. આ

નવલકથાનું શીર્ષક જ એનું હાર્દ સ્પષ્ટ કરે છે. દ્વાપરયુગની મહિમામયી નારી દ્રૌપદીની કથા કરતાંયે વધુ એની અવ્યક્ત વ્યથા આલેખવાનો સફળ પ્રયત્ન ડૉ. સુસ્મિતાએ કર્યો છે. દ્રૌપદીએ કરેલ પ્રશ્નો, એના વિચારો આપણને વિચારતા કરી દે છે. અન્યાય સહન કરવાની સાથે સાથે અન્યાય સામે અવાજ ઉઠાવતી, પ્રશ્નો કરતી દ્રૌપદીને એમણે બક્ષેલી આધુનિકતા નોંધપાત્ર છે. એમની દૃષ્ટિએ પણ દ્રૌપદી ભારતીય તવારીખની પ્રથમ ફેમિનિસ્ટ છે. ડૉ. સુસ્મિતા પોતાના 'નિવેદન'માં કહે છે, "દ્રૌપદી એ માત્ર એક પાત્ર નથી, પરંતુ ભારતીય સ્ત્રી-ક્રાંતિની શરૂઆત છે. વૈદિક કાળમાં પતિની સાથે દરેક કાર્યમાં ઊભી રહેતી સહધર્મચારિણીમાંથી માત્ર પત્ની તરીકે એક ઉપેક્ષિત જીવનમાં ધીમે ધીમે પરિવર્તિત થઈ ગઈ. એ ઉપેક્ષિત સ્ત્રી સીતા, ઉર્મિલા, દમયંતી વગેરેમાં આપણે જોઇ. આ સતીનું બિરુદ મેળવેલ સ્ત્રીઓએ એમના પર આવેલ તકલીફો અને એમની ઉપેક્ષા હસતે મોઢે સ્વીકારી લીધી. લવ-કુશને લેવા આવેલ શ્રીરામ સીતાજીને ફરી અયોધ્યા લઈ જઈ શકે તેમ ન હતા અને આશ્રમમાં મૂકી જવા ઈચ્છતા પણ ન હતા. આ દ્વિધાનો ઉકેલ સીતાજીએ ધરતીમાં ચૂપચાપ સમાધિ લઈને લાવી દીધો. દ્રૌપદીએ પાંચ પતિ સ્વીકાર્યા, પતિની સાથે તમામ મુસીબતો વેઠી, સઘળા અપમાનો સહન કર્યા. પરંતુ અન્યાય સામે એણે પ્રશ્નો કર્યા, વિદ્રોહ કર્યો, ચીલાચાલુ માન્યતાને પડકારી અને ભારતીય તવારીખની પ્રથમ ફેમિનીસ્ટ બની."[૧૧]

**સંદર્ભ સૂચિ**

૧. દવે, ( ડૉ.) સુસ્મિતા: 'દ્રૌપદીની કથા અને વ્યથા', પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્રથમ આવૃત્તિ: ૨૦૦૪ પૃ:૩૩.

૨. એજન : પૃ: ૪૪.

૩. એજન : પૃ: ૮૮.

૪. એજન : પૃ: ૮૮.

૫. એજન : પૃ: ૪૮.

૬. એજન : પૃ: ૫૪.

૭. એજન : પૃ: ૮૯.

૮. એજન : પૃ: ૮૯.

૯. એજન : પૃ: ૧૫૯.

૧૦. એજન : પૃ: ૧૭૯.

૧૧. એજન : પૃ: ૮.